પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

વર્ષ : ૨૯ અંક : ૨૫૯ કુલ પાના : ૪ તારીખ : ૨૫-૦૬-૨૦૨૬ ગુરુવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER:KARANAJAYKUMAR PANCHAL,PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ચોમાસાના પહેલા વરસાદે મુંબઈમાં ભારે તબાહી મચાવી દીધી,

## અંધેરી સબવે બંધ થઈ ગયો, હાર્બર લાઈનના પાટા ધોવાઈ ગયા, લોકલ ટ્રેનો અટકી ગઈ અને લોકો બીસીએમ પર ધસી પડ્યા.

મુંબઈ

મહારાષ્ટ્રમાં ચોમાસાની અસરો અનુભવાવા લાગી છે. ગઈકાલ રાતથી મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે. મુંબઈના પશ્ચિમી ઉપનગરોમાં ૧૯૦ મીમી વરસાદ પડી ચૂક્યો છે. સતત ત્રીજા દિવસે મુંબઈમાં વરસાદ ચાલુ રહ્યો. બુધવારે મુંબઈના ઘણા ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ પડ્યો. બીએમસીના ડેટા અનુસાર, તેના મુખ્યાલયમાં ૪૫ મીમી વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ કોલાબા પમ્પિંગ સ્ટેશન અને માંડવી ફાયર સ્ટેશન પર ૨૯ મીમી, ફોસબરી જળાશય પર ૨૮ મીમી, સી વોર્ડ ઓફિસ (ગિરગાંવ) પર ૨૪ મીમી અને બીએમસી સંચાલિત એન.એમ. જોશી માર્ગ સ્કૂલ અને ડી વોર્ડ ઓફિસ (ગ્રાન્ટ રોડ) પર ૨૦ મીમી વરસાદ પડ્યો.



રાત્રે મુંબઈમાં ભારે વરસાદ પડ્યો, જેના કારણે શહેરના ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા. ભારતીય હવામાન વિભાગે મુંબઈ અને આસપાસના જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. બુધવારે સવારે જારી કરાયેલા આ એલર્ટમાં મુંબઈ, થાણે, રાયગઢ, પાલઘર અને સિંધુદુર્ગમાં થોડા સમય માટે મધ્યમથી ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી હતી અને રહેવાસીઓને જરૂરી સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી હતી.

આ સમયે કોઈને ઈજા થયાના અહેવાલ નથી. સૌથી વધુ વરસાદના આંકડામાં માલવાણી અને મલાડમાં ૨૭૧ મીમી, પવઈમાં ૨૪૭ મીમી, ચારકોપ અને કાંદિવલીમાં ૨૪૪ મીમી અને બોરીવલીમાં ૨૩૪ મીમીનો સમાવેશ થાય છે. વિક્રોલીમાં આઠ કલાકમાં ૨૧૦ મીમી વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે શહેરના ઘણા નીચાણવાળા વિસ્તારો, જેમાં હિંદમાતા, અંધેરી સબવે, મલાડ સબવે અને સાયનના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે, પાણીમાં ડૂબી ગયા હતા. શહેર વહીવટીતંત્રે જણાવ્યું હતું કે ડ્રેનેજનું કામ હાથ ધરવામાં આવ્યું છે અને ટ્રાફિકની અવરજવર મોટાભાગે પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

મુંબઈમાં ભારે વરસાદને કારણે હાર્બર લાઈન સેવાઓ ખોરવાઈ ગઈ હતી, કારણ કે તુર્ભે અને કોપર ખૈરાને વચ્ચેના રેલ ટ્રેકનો એક ભાગ ધોવાઈ ગયો હતો. મુસાફરો કલાકો સુધી ટ્રેનોમાં ફસાયેલા રહ્યા હતા. ટ્રેક પર ઝડપથી કામ હાથ ધરવામાં આવ્યું હતું, અને ત્યારબાદ ટ્રેનો પુનઃસ્થાપિત કરવામાં આવી હતી.

મુંબઈ, તેના ઉપનગરો અને પાલઘર માટે રેડ એલર્ટ, થાણે માટે ઓરેન્જ એલર્ટ અને રાયગઢ, રત્નાગિરિ અને સિંધુદુર્ગ માટે પીળો એલર્ટ જારી કરવામાં આવ્યો છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, શહેર અને ઉપનગરોમાં વાદળછાયું આકાશ અને વીજળીના કડાકા ભડાકા સાથે સતત ભારે વરસાદ પડતો રહ્યો હોવાથી સવારે ૧૦:૦૦ વાગ્યા સુધી 'તાત્કાલિક હવામાન આગાહી' (નવકાસ્ટ) ચેતવણી ચાલુ રહી. ભારે વરસાદ છતાં, પશ્ચિમ રેલ્વેએ પુષ્ટિ આપી હતી કે સવારના ધસારાના સમયે હાર્બર લાઈન અને ચર્ચગેટ-દહાણુ કોરિડોર સહિતના મુખ્ય રૂટ પર ઉપનગરીય ટ્રેન સેવાઓ સામાન્ય રીતે ચાલી રહી હતી.

જોકે, રાતભર સતત વરસાદને કારણે મુંબઈ અને નવી મુંબઈના કેટલાક ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા. બીએમસીના જણાવ્યા અનુસાર, સતત વરસાદને કારણે અંધેરી સબવેમાં ભારે પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે તેને વાહનોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. બીએમસી દ્વારા નોંધાયેલા વરસાદના ડેટા અનુસાર, શહેરમાં સરેરાશ ૫૬ મીમી વરસાદ પડ્યો હતો, જ્યારે પૂર્વીય ઉપનગરોમાં ૨૩ મીમી અને પશ્ચિમી ઉપનગરોમાં ૩૩ મીમી વરસાદ પડ્યો હતો. રાત્રે ૧૦:૦૦ થી ૧૧:૦૦ વાગ્યાની વચ્ચે, પશ્ચિમી ઉપનગરોના ઘણા વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ પડ્યો હતો, જેમાં કાંદિવલીમાં ચારકોપ સેક્ટર ૧ મ્યુનિસિપલ સ્કૂલ (૩૨ મીમી), મલાડમાં એમએચબી મ્યુનિસિપલ સ્કૂલ (૨૮ મીમી), ગજધરબંધ સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશન (૨૬ મીમી), બનાના લીફ અને જુહુ ડિસ્પેન્સરી (૨૨ મીમી), અને સાંતાક્રુઝમાં નારિયાલવાડી સ્કૂલ (૨૧ મીમી)નો સમાવેશ થાય છે.

બીએમસીએ જણાવ્યું હતું કે પાણી ભરાયેલા અંધેરી અંડરપાસ સિવાય તમામ સબવે કાર્યરત રહ્યા છે, જ્યારે સમગ્ર શહેરમાં રેલ ટ્રાફિક સામાન્ય રીતે ચાલુ રહ્યો છે. પરિસ્થિતિ પર બોલતા, બીએમસી અધિકારી ઋતિકે જણાવ્યું હતું કે નાગરિક અધિકારીઓને હજુ સુધી આ સ્થાન પર પાણી ભરાવાની ગંભીર સમસ્યાનો કોઈ કામચલાઉ ઉકેલ મળ્યો નથી. તેમણે કહ્યું, "અમારા અધિકારીઓ અહીં ચોકી કરે છે કે વાહનો પસાર ન થાય. જોકે, કેટલાક રિક્ષાચાલકો હજુ પણ તેમના વાહનો પસાર કરવાનો પ્રયાસ કરે છે. એક રિક્ષા સબવેની વચ્ચે ફસાઈ ગઈ હતી, જેના કારણે તેના જીવને જોખમ હતું. અમારા બે અધિકારીઓએ તેને મુક્ત કરવામાં મદદ કરી."

શહેરના ઘણા ભાગોમાંથી મળેલી છબીઓમાં મુંબઈમાં સતત ભારે વરસાદ જોવા મળ્યો. એવરાર્ડ નગરમાં એક સબવે પાણી ભરાઈ ગયો હોવાના અહેવાલ છે, જેના કારણે અધિકારીઓએ તેને જાહેર ટ્રાફિક માટે બંધ કરી દીધો હતો. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરથી મળેલી છબીઓમાં નબળી દૃશ્યતા અને રસ્તાઓ પર પાણી ભરાઈ જવા વચ્ચે વાહનો સાવધાનીપૂર્વક આગળ વધતા જોવા મળ્યા. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણપશ્ચિમ ચોમાસું મધ્ય અરબી સમુદ્રના બાકીના ભાગો, મુંબઈ સહિત મહારાષ્ટ્રના કેટલાક ભાગો, તેલંગાણા અને ઓડિશાના બાકીના ભાગો અને છત્તીસગઢ, ઝારખંડ અને બિહારના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે.

હવામાન વિભાગે ચોમાસાના આગમનની જાહેરાત કરી હતી. સામાન્ય રીતે, મુંબઈમાં ચોમાસાના આગમનની તારીખ ૧૧ જૂન હોય છે, પરંતુ આ વખતે, વિવિધ કારણોસર, ચોમાસું ૮ જૂને રત્નાગિરી પહોંચ્યું, અને પછી ધસી ગયું. નબળા ચોમાસાને કારણે, મુંબઈ વરસાદથી વંચિત રહ્યું. જોકે થોડી મિનિટો માટે બે વાર પૂર્વ-ચોમાસાના વરસાદ પડ્યા, તે જ તડકો અને ભેજવાળી ગરમી લોકોને પરેશાન કરતી રહી. મુંબઈમાં ચોમાસાનું આગમન થયું હોવા છતાં, નોંધપાત્ર વરસાદ પડ્યો નથી. હવામાન નિષ્ણાત આત્રેય શેટ્ટીએ જણાવ્યું હતું કે આ અઠવાડિયાના અંત સુધી હળવો થી મધ્યમ વરસાદ પડશે. તે પછી, બંગાળ પર એક નીચા દબાણનો વિસ્તાર બનશે, જે ચોમાસાને વધુ મજબૂત બનાવશે, અને ભારે વરસાદની અપેક્ષા છે. ત્યાં સુધી, કેટલાક વિસ્તારોમાં તૂટક તૂટક વરસાદ અનુભવાશે.

બીએમસીના અન્ય અધિકારી રોબર્ટે જણાવ્યું હતું કે ટીમો પાણી ભરાયેલા અંડરપાસમાં વાહનોને પ્રવેશતા અટકાવવા માટે સતત કામ કરી રહી છે. તેમણે કહ્યું, "અંડરપાસમાં કોઈ વાહન ન પ્રવેશે તે માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ. અમે શક્ય તેટલા લોકોને સુરક્ષિત રાખવાનો પ્રયાસ કરી રહ્યા છીએ." એક સ્થાનિક રહેવાસીએ ડ્રેનેજની સમસ્યા તરફ પણ ધ્યાન દોરતા કહ્યું, "બધા મેનહોલ બ્લોક થઈ ગયા છે. પાણી ભરાઈ જવાને કારણે અમને કોલેજ પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે." ભારે વરસાદ વચ્ચે નવી મુંબઈમાં થાણે-બેલાપુર રોડ પર ટ્રાફિક જામ જોવા મળ્યો. નવી મુંબઈમાં ગઈ રાતથી સતત ભારે વરસાદ પડી રહ્યો છે. ઓફિસ જનારાઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, વાહનો રસ્તાઓ પર રખડતા રહે છે.

## ચૈતર વસાવાને રાજપીપળાથી વડોદરા સેન્ટ્રલ જેલ ખસેડાયા, હવે કેદી નંબર ૯૦૮૮૮ નંબરથી ઓળખાશે

**ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા સહિત નવ લોકોને રાજપીપળા સેશન્સ કોર્ટે દોષિત જાહેર કરીને સાત વર્ષની કેદની સજા ફટકારી છે**

વડોદરા

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા સહિત નવ લોકોને રાજપીપળા સેશન્સ કોર્ટે દોષિત જાહેર કરીને સાત વર્ષની કેદની સજા ફટકારી છે. આપના ચૈતર વસાવાએ ફોરેસ્ટના કર્મચારી પર હુમલાના કેસમાં સજા સંભળાવવામાં આવી છે. આ કેસમાં સેશન્સ કોર્ટે ચૈતર વસાવા, પત્ની શકુંતલા સહિત નવ આરોપીને દોષિત જાહેર કર્યા છે. ધારાસભ્ય ચૈતર વસાવા અને અન્ય આરોપીને રાજપીપળા જિલ્લા જેલમાંથી વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અહીં ધારાસભ્ય ચૈતર વસાવાને ૯૦૮૮૮ કેદી નંબર ફાળવવામાં આવ્યો છે. આજે તેમને બેરેક પણ ફાળવી દેવામાં આવશે. તો બીજી બાજુ આમ આદમી પાર્ટીની લિગલ સેલ મંગળવારથી જ ગુજરાત હાઈકોર્ટમાં જવાની તૈયારીમાં લાગી ગયા છે. ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમની પત્ની સહિત ૯ આરોપીને સાત વર્ષની કેદની સજાનો આખરી હુકમ છે. ૧૯૦ પાનાનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં આખરી હુકમનો ચુકાદો ૧૮ પાનાનો છે. નર્મદાનાં એડી. સેશન્સ જજની અદાલતમાં નામદાર એ.વી. હિરપરા, એડી. સેશન્સ જજે આ અંગેનો ચુકાદો આપ્યો છે. ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૯, ૩૩૨, ૩૫૩, ૩૮૬, ૨૯૪, ૫૦૬(૨), ૨૦૧, ૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧) મુજબ સજા ફટકારવામાં આવી છે. સજા પામેલા ૯ આરોપી

૧. ચૈતરભાઈ દામજીભાઈ વસાવા, (ઉ.વ.૩૫, રહે. બોગજ, નિશાળફળીયું, તા.ડેડીયાપાડા, જી.નર્મદા), ૨. જીતેન્દ્રભાઈ નાથાલાલ વસાવા, (ઉ.વ.૨૯ રહે.બોગજ, ચુલીફળીયું, તા.ડેડીયાપાડા, જી. નર્મદા), ૩. રમેશભાઈ ગીમ્બાભાઈ વસાવા, (ઉ.વ.૪૦, રહે.ઝાડોલી, આમલી ફળીયું, તા.ડેડીયાપાડા), ૪. શકુંતલાબેન વા/ઓ ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (ઉ.વ.૩૨, રહે.બોગજ, નિશાળફળીયું, તા.ડેડીયાપાડા, જી.નર્મદા), ૫. મરીયમબેન વા/ઓ ઝવેરભાઈ ગંભીરભાઈ વસાવા (ઉ.વ.૩૦ રહે.બોગજ, નિશાળફળીયું, તા.ડેડીયાપાડા, જી.નર્મદા.), ૬. બલીરામભાઈ કાલુસીંગભાઈ વસાવા, (ઉ.વ.૩૧. રહે. હલગામ (પાડી), ટેકરાફળીયું, તા.સાગબારા, જી.નર્મદા), ૭. રીકેશભાઈ કુલસીંગભાઈ વસાવા (ઉ.વ.૧૯, રહે.બોગજ, નિશાળ ફળીયું, તા.ડેડીયાપાડા, જી.નર્મદા), ૮. મોગરાબેન વા/ઓ રમેશભાઈ ગીંબાભાઈ વસાવા (ઉ.વ.૩૮, રહે.ઝાડોલી, આમલી ફળીયું, તા.ડેડીયાપાડા, જી.નર્મદા), ૯. શુકંતાબેન ઉર્ફે શકુંતલાબેન વા/ઓ બલીરામભાઈ કાલુસીંગભાઈ વસાવા, (ઉ.વ.૩૦, રહે.હલગામ (પાડી), ટેકરા ફળીયું, તા.સાગબારા, જી.નર્મદા) છે

રાજપીપળા ખાતેની એડીશનલ સેશન્સ કોર્ટે ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાને તમામ નવ આરોપીને સાત વર્ષની સજા ફટકારી છે. ધારાસભ્ય ચૈતર વસાવાને અલગ અલગ ગુનાઓમાં સજા કરવામાં આવી છે. તમામ આરોપીને સાત વર્ષની સજા સાથે ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. ધારાસભ્ય ચૈતર વસાવાને સાત વર્ષની સજા અને ૯૬ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત ૫૦ હજાર અલગથી દંડ ફટકારવામાં આવ્યો છે. ચૈતર વસાવા અને તેમની પત્ની શકુંતલા વસાવાને સાત વર્ષની સજા ફટકારતા ભરૂચ નર્મદાના રાજકારણમાં ખળભળાટ મચ્યો છે.

ઈન્ચાર્જ સરકારી વકીલ, વંદના ભટ્ટે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, "કોઈ વ્યક્તિએ ફોરેસ્ટની જમીન પર ગેરકાયદેસર વાવેતર કર્યું હતું અને તે વાવેતર ફોરેસ્ટના અધિકારીઓએ દૂર કર્યું હતું. તેના અનુસંધાનમાં ચૈતર વસાવાએ આ ફોરેસ્ટના કર્મચારીઓને પોતાના ઘરે બોલાવીને ધાકધમકી આપી હતી. તેમની પાસે જે પિસ્તોલ કે બંદૂક હતી તેનાથી તેમણે હવામાં ગોળીબાર કર્યો હતો. આ સાથે ધોલ-ધપાટ કરી હતી. પછી બીજા દિવસે તેમના પર્સનલ સેક્રેટરીએ ૩૦-૩૦ હજાર એમ કરીને ૬૦ હજારની ખંડણી માંગી હતી. આ અંગેનો કેસ હતો. આ કેસમાં પાંચ પુરુષ આરોપી અને ચાર સ્ત્રી આરોપી છે. નામદાર કોર્ટે તમામ આરોપીને સાત વર્ષની કેદ અને ૨૫ હજારનો દંડ જાહેર કર્યો છે. આ તમામ આરોપીને રાજપીપળા જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કર્યો છે. તેમાં અન્ય જિલ્લા ટ્રાન્સફર માટેની અરજી પણ આપવામાં આવી છે. ફરિયાદીએ આપેલા પુરાવાના આધારે સજા જાહેર કરવામાં આવી છે."

## રથયાત્રા માટે એએમસી સજ્જ, ૧૩ કિમીથી વધુના રૂટ પર રોડ-ડ્રેનેજ, આરોગ્ય, ફાયર અને સફાઈ સુધીનું વિશેષ આયોજન

અમદાવાદ



ભગવાન જગન્નાથજીની રથયાત્રાને સુરક્ષિત, સુવ્યવસ્થિત અને સ્વચ્છ રીતે સંપન્ન કરાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્યઝોનના વિવિધ વિભાગોએ વ્યાપક આયોજન હાથ ધર્યું છે. રથયાત્રાના સમગ્ર ૧૩થી વધુ કિલોમીટર લાંબા રૂટ પર માર્ગ સુવિધા, ડ્રેનેજ, આરોગ્ય, લાઈટિંગ, ફાયર સેફ્ટી, એસ્ટેટ અને સફાઈ સહિતના તમામ પાસાઓને આવરી લેતી કામગીરી પૂર્ણતાના આરે છે. ઈજનેર વિભાગ દ્વારા જમાલપુર વોર્ડમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે યોજાતી જલયાત્રાને ધ્યાનમાં રાખી જગદીશ મંદિરની ચાલીથી સોમનાથ ભુદરના આરા સુધીના રૂટ પર ૧,૬૦૦ ચોરસ મીટર રોડ રીસરફેસિંગ અને ૬૨ ચોરસ મીટર ફુટપાથ રિઈન્સ્ટેટમેન્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રથયાત્રાના મુખ્ય ૧૩થી વધુ કિલોમીટર રૂટ પૈકી ૧,૮૦૦ મીટર લંબાઈમાં રોડ રીસરફેસિંગ, ૩૯૦ ચોરસ મીટર રોડ પેચવર્ક, ૧,૨૯૦ રનિંગ મીટર નવી ફુટપાથ તેમજ ૫૪૦ ચોરસ મીટર ફુટપાથ રિઈન્સ્ટેટમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપરાંત ૯૨ મશીનહોલ રોડ લેવલે રિઈન્સ્ટેટ કરવામાં આવ્યા છે.

રથયાત્રાના રૂટ પર આવેલા જમાલપુર, ખાડિયા, કાલુપુર અને શાહપુર વિસ્તારોમાં મુખ્ય ડ્રેનેજ લાઈનોની આગોતરી સફાઈ માટે સુપર સક્કર મશીન દ્વારા મશીનહોલ ડીસિલ્ટિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. રથયાત્રા પૂર્વે અને રથયાત્રા પૂર્ણ થાય ત્યાં સુધી માર્ગ પર બનાવવામાં આવતી પાણીની પરબો પર પીવાના પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ઉપરાંત રથયાત્રાના દિવસે મ્યુનિસિપલ કોર્પોરેશન કમ્પાઉન્ડ ખાતે વિશેષ કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે. એસ્ટેટ વિભાગ દ્વારા રથયાત્રા રૂટ પર આવેલા કુલ ૬૩૩ ભયજનક મકાનો પર જાહેર ચેતવણીની નોટિસ લગાવવામાં આવી છે અને નાગરિકોને આવા મકાનો પર ભેગા ન થવા સૂચના આપવામાં આવી છે. રથયાત્રાના દિવસે દરેક આવા મકાન પર છસ્ત્રના એક કર્મચારીને પોલીસકર્મી સાથે તૈનાત કરવામાં આવશે જેથી ભીડ એકત્રિત થતી અટકાવી શકાય. સાથે જ ઈજનેર વિભાગ દ્વારા આ તમામ ભયજનક મકાનોની નીચે ફિક્સ બેરિકેડિંગ પણ ગોઠવવામાં આવશે.

રથયાત્રા દરમિયાન આરોગ્ય સેવાઓ સુલભ રહે તે માટે એએમસીના હેલ્થ વિભાગ દ્વારા ૭ મોબાઈલ મેડિકલ વાન, ૧૫ મેડિકલ ઓફિસર અને આશરે ૧૦૦ કર્મચારીઓને ફરજ પર રાખવામાં આવશે. ઉપરાંત જમાલપુર, રાયખડ, શાહપુર અને કાલુપુર વિસ્તારમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટરો પણ કાર્યરત રહેશે.

લાઈટ વિભાગે રથયાત્રા રૂટ પર આવેલા ૭૪૫ વીજથાંભલાઓની ચકાસણી પૂર્ણ કરી છે તેમજ સંબંધિત ૪૪ લાઈટ સેક્શન ફીડરોનું મેન્ટેનન્સ પણ કરવામાં આવ્યું છે. રથયાત્રાના દિવસે રૂટ પર ૫૬૦ વધારાના ફ્લડલાઈટ્સ ગોઠવવામાં આવશે. ટોરેન્ટ પાવર સાથે સંકલન કરીને ૧૧ ડીઝલ જનરેટર સેટ, છસ્ત્રના ૨૮ ટેક્નિકલ કર્મચારીઓ તથા ટોરેન્ટ પાવરના ૩૩ ટેક્નિકલ કર્મચારીઓ તૈનાત રહેશે. વધુમાં રથયાત્રાના ત્રણ દિવસ અગાઉથી નાઈટ શિફ્ટમાં સ્ટાફ કાર્યરત રહેશે અને તમામ થાંભલાઓ પર ઈન્સ્યુલેટિંગ પેઈન્ટિંગ તથા રી-નંબરિંગની કામગીરી કરવામાં આવશે. ફાયર વિભાગ દ્વારા પણ વિશેષ સુરક્ષા આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ૧૧ ફાયર સ્ટેશનોના ૧૮૩ ફાયરકર્મીઓ તેમજ ચીફ ફાયર ઓફિસર સહિત અધિકારીઓને મળી કુલ ૨૦૩ કર્મચારીઓ રથયાત્રા પરત આવે ત્યાં સુધી સતત ફરજ બજાવશે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે પણ સ્વચ્છતા માટે વિશેષ એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

## ગિરનાર નજીક સિંહબાળનો શંકાસ્પદ મૃતદેહ મળ્યો, ઈજા ના નિશાનોથી તપાસ તેજ

જૂનાગઢ

જૂનાગઢમાં ગિરનાર જંગલ નજીકથી એક સિંહબાળનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા વન વિભાગ, પોલીસ અને વન્યજીવ પ્રેમીઓમાં ચિંતા ફેલાઈ છે. ગુમ થયેલા સિંહબાળની શોધખોળ દરમિયાન રહેણાક વિસ્તારમાંથી તેનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

માહિતી મુજબ, ગિરનાર જંગલને અડીને આવેલા વાણંદ સોસાયટી વિસ્તારમાં ગઈકાલે એક સિંહબાળ કૂવામાં પડી ગયું હતું. વન વિભાગે તાત્કાલિક કામગીરી હાથ ધરી સફળ રેસ્ક્યુ ઓપરેશન દ્વારા સિંહબાળને બહાર કાઢ્યું હતું. જોકે ત્યારબાદ વધુ એક સિંહબાળ ગુમ હોવાનું જાણવા મળતાં વન વિભાગે સીસીટીવી ફૂટેજ અને સ્થાનિક માહિતીના આધારે શોધખોળ શરૂ કરી હતી.

આજે સઘન તપાસ દરમિયાન ગિરનાર જંગલ નજીકના રહેણાક વિસ્તારમાંથી ગુમ થયેલા સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ પર ઈજાના કેટલાક નિશાન જોવા મળ્યા હોવાથી મોતનું કારણ સ્વાભાવિક છે કે કોઈ હુમલાનું પરિણામ છે તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા ઈનફાઈટ (સિંહો વચ્ચેની અથડામણ) સહિત તમામ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરવામાં આવી રહી છે. મૃતદેહ ને વધુ તપાસ અને પોસ્ટમોર્ટમ માટે સક્કરબાગ ઝૂ ખાતે ખસેડવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ સામે આવશે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૫ની વસ્તી ગણતરી અનુસાર ગિરનાર જંગલ વિસ્તારમાં આશરે ૫૪ સિંહો વસવાટ કરે છે. છેલ્લા કેટલાક સમયથી ઈવનગર, વિજાપુર, ડુંગરપુર, મધુરમ, પ્લાસવા સહિત ગિરનારને અડીને આવેલા અનેક રહેણાક વિસ્તારોમાં સિંહોની અવરજવર વધી હોવાનું જોવા મળી રહ્યું છે. અનેક વખત સિંહોના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા રહ્યા છે. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે. વન્યજીવોની સુરક્ષા અને માનવ વસાહતોની નજીક વધતી તેમની અવરજવર અંગે પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. હાલ સમગ્ર મામલે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસના તારણોની રાહ જોવાઈ રહી છે, જે બાદ સિંહબાળના મોત પાછળનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે.

## ઓસ્ટ્રેલિયન સર્વે દર્શાવે છે કે ભારત સૌથી વધુ વિશ્વાસ ધરાવે છે, જે અમેરિકા અને ચીનને પણ પાછળ છોડી દે છે

વોશિંગ્ટન

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતની છબી વૈશ્વિક સ્તરે સતત મજબૂત થઈ રહી છે. ભારતમાં આંતરરાષ્ટ્રીય વિશ્વાસ, જે ઝડપથી આર્થિક રીતે મજબૂત બની રહ્યો છે, તે પણ વધી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના પ્રતિષ્ઠિત થિંક-ટેંક, લોવી ઈન્સ્ટિટ્યૂટના એક સર્વેમાં આ સ્પષ્ટ થાય છે, જેણે ભારતને અમેરિકા, ચીન અને રશિયા જેવા દેશો કરતાં વધુ વિશ્વસનીય ગણાવ્યું છે.

૨૩ જૂનના રોજ પ્રકાશિત થયેલા લોવી ઈન્સ્ટિટ્યૂટના સર્વે મુજબ, ૫૦ ટકા ઓસ્ટ્રેલિયનો ભારત પર વિશ્વાસ કરે છે. તેની સરખામણીમાં, ફક્ત ૩૧ ટકા લોકો યુનાઈટેડ સ્ટેટ્સ પર વિશ્વાસ કરે છે. દરમિયાન, ૨૮ ટકા લોકો ચીન પર વિશ્વાસ કરે છે, અને ફક્ત ૧૧ ટકા લોકો રશિયા પર વિશ્વાસ કરે છે. સર્વેના પરિણામો વૈશ્વિક મંચ પર ભારતની વધતી જતી વિશ્વસનીયતા અને પ્રભાવને દર્શાવે છે.

અહેવાલ મુજબ, ૪૬ ટકા ઓસ્ટ્રેલિયનો માને છે કે ભારત વૈશ્વિક બાબતોમાં જવાબદાર ભૂમિકા ભજવશે. વધુમાં, ૪ ટકા લોકોએ ભારતના નેતૃત્વમાં "ઘણો વિશ્વાસ" વ્યક્ત કર્યો. આ ડેટા સૂચવે છે કે ભારતને એક જવાબદાર અને વિશ્વસનીય ભાગીદાર તરીકે જોવામાં આવે છે.

લોવી ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ મુજબ, ઓસ્ટ્રેલિયનો વિશ્વની બે કહેવાતી મુખ્ય શક્તિઓ, યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન પ્રત્યે પહેલા કરતાં વધુ સાવધ છે. ખાસ કરીને, ઓસ્ટ્રેલિયન નાગરિકોનો યુનાઈટેડ સ્ટેટ્સમાં વિશ્વાસ ઘટીને ૩૧ ટકા થઈ ગયો છે, જે સર્વેના ઈતિહાસમાં સૌથી નીચો સ્તર છે. એવું માનવામાં આવે છે કે ભારતની આર્થિક શક્તિ, સક્રિય વિદેશ નીતિ, ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધતી ભૂમિકા અને પીએમ મોદીની વૈશ્વિક માન્યતાએ ભારતની વિશ્વસનીયતાને નવી ઊંચાઈઓ પર પહોંચાડી છે. આ જ કારણ છે કે ઓસ્ટ્રેલિયા જેવા મુખ્ય ભાગીદાર દેશમાં પણ ભારત પર વિશ્વાસ સતત મજબૂત થઈ રહ્યો છે. બીજી બાજુ, લોવી ઈન્સ્ટિટ્યૂટના સર્વેક્ષણમાં પ્રતિબિંબિત થયા મુજબ, યુએસ-ચીન નીતિઓમાં જાહેર વિશ્વાસ ઘટ્યો છે.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૪૧૫/૨૦૨૬ તા.૨૪/૦૬/૨૦૨૬

અરજદારઃ માવી સુરજભાઈ નારસિંહભાઈ રહે. ગુંદીખેડા, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, ગુંદીખેડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી સુરજભાઈ નારસિંહભાઈના પુત્રના નામે માવી કુલદીપભાઈ સુરજભાઈનો જન્મ તા.૧૬/૧૦/૨૦૧૭ ના રોજ ગુંદીખેડા,તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગુંદીખેડા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ગુંદીખેડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૪ માંહે : જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો -સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૪૮૩/૨૦૨૬ તા.૨૪/૦૬/૨૦૨૬

અરજદારઃ સંગાડા કશમાબેન ગુમાભાઈ. ઈટાવા, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, ઈટાવા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી સંગાડા કશમાબેન ગુમાભાઈના પુત્રીના નામે સંગાડા અસ્મિતાબેન ગુમાભાઈનો જન્મ તા.૦૧/૦૧/૨૦૦૬ ના રોજ ઈટાવા,તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઈટાવા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ઈટાવા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૪ માંહે : જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો -સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૪૯૪/૨૦૨૬ તા.૨૪/૦૬/૨૦૨૬

અરજદારઃ ડામોર ટીટુભાઈ સીંગજીભાઈ રહે. ગુંદીખેડા, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ગુંદીખેડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર ટીટુભાઈ સીંગજીભાઈના પૌત્રીના નામે ડામોર અસ્મિતાબેન કનુભાઈનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૭ ના રોજ ગુંદીખેડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પૌત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગુંદીખેડા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પૌત્રીના જન્મ ના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ગુંદીખેડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૪ માંહે : જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો -સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૫૫૮/૨૦૨૬ તા.૨૪/૦૬/૨૦૨૬

અરજદારઃ ગણાવા નટવરભાઈ મોતીભાઈ ભાઠીવાડા, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ભાઠીવાડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ગણાવા નટવરભાઈ મોતીભાઈના પુત્રીના નામે ગણાવા અંજલી નટવરભાઈનો જન્મ તા. ૨૫/૦૮/૨૦૧૩ ના રોજ ભાઠીવાડા,તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ભાઠીવાડા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી, ભાઠીવાડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી.આજ તારીખઃ ૨૪ માંહે : જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો -સહી-
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે ગાંગરડા પ્રાથમિક શાળાના બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો




- વાલીઓને બાળકોના શિક્ષણની સાથે સાથે ટેકનોલોજી અને મોબાઈલના સદુપયોગ કરવાનું સૂચન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ.
- આદિવાસી વિસ્તારોમાં સાયન્સ શાળાઓ અને મેડિકલ-એન્જિનિયરિંગ કોલેજોના કારણે યુવાનો ડોક્ટર-એન્જિનિયર બની રહ્યા છે.
- વરસાદના પાણીના સંગ્રહ માટે ધારાસભ્યોને જળસંચય માટે રૂ.૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ.
- ગ્લોબલ વોર્મિંગની અસરો સામે લડવા માટે મુખ્યમંત્રીએ જળ સંચય અને પર્યાવરણ સુરક્ષા અનિવાર્ય.
- પર્યાવરણના જતન માટે વડાપ્રધાનની ''એક પેડ મા કે નામ'' મુહિમ અંતર્ગત દરેક નાગરિકને વધુમાં વધુ વૃક્ષો વાવવા આહવાન કરતા મુખ્ય મંત્રી.

ગરબાડા,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણ સેવા યજ્ઞ સમાન કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ અભિયાન અંતર્ગત બીજા દિવસે યોજાયેલા દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડા પ્રાથમિક શાળા ખાતે ૧૭૦ જેટલા બાળકોનો શાળામાં પ્રવેશ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ભૂતકાળમાં આદિવાસી પટ્ટીમાં વિજ્ઞાન પ્રવાહ (સાયન્સ) ની શાળાઓ ન હતી, જેના કારણે અહીંના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત રહેતા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ આજે આ વિસ્તારોમાં સાયન્સ સ્કૂલો, એન્જિનિયરિંગ અને મેડિકલ કોલેજો શરૂ થતાં છેવાડાના ગરીબ અને આદિવાસી પરિવારોના સંતાનો પણ ડોક્ટર અને એન્જિનિયર બનીને દેશના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે. તેમણે વધુમાં વાલીઓને બાળકોના શિક્ષણની સાથે સાથે ટેકનોલોજી અને મોબાઈલનો સદુપયોગ કરવા ખાસ અપીલ કરી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પીએમ કિસાન સન્માન નિધિ, આયુષ્માન ભારત કાર્ડ, પ્રધાનમંત્રી આવાસ યોજના અને પીએમ જનધન યોજના જેવી અનેક યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. જનધન ખાતાઓને કારણે સરકારી સહાય સીધી જ લાભાર્થીઓના બેંક ખાતામાં (DBT) જમા થાય છે, જેનાથી ભ્રષ્ટાચાર અને વચેટિયા નાબૂદ થયા છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, વધતા જતા વૈશ્વિક તાપમાન (ગ્લોબલ વોર્મિંગ)ની અસરો સામે લડવા માટે જળ સંચય અને પર્યાવરણ સુરક્ષાને અનિવાર્ય છે. વડાપ્રધાનના કેચ ધ રેન અભિયાન હેઠળ વરસાદી પાણીનો સંગ્રહ કરવો એ આપણી સામાજીક જવાબદારી છે. સરકાર દરેક ધારાસભ્યોને રિવર્સિબલ બોર બનાવવા માટે રૂ.૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ ફાળવી છે. પર્યાવરણના જતન માટે વડાપ્રધાનની ''એક પેડ મા કે નામ'' મુહિમ અંતર્ગત દરેક નાગરિકને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનો ઉછેર કરવા આહવાન કર્યું હતું.

તેમણે સ્પષ્ટ જણાવ્યું કે, વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાત બનાવવું અનિવાર્ય છે. વડાપ્રધાનના મંત્ર ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ''ને આત્મસાત કરીને ગુજરાતને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે તેમણે સૌ નાગરિકોને મહાયજ્ઞમાં જોડાવા આહવાન કર્યું હતું.

સાંસદ જશવંતસિંહ ભાભોર એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં દાહોદ જીલ્લાના વિકાસની વાત હોય કે, દાહોદના પ્રશ્નોની વાત હોય સરકારે એને ગંભીરતાથી લઈને એ માટેની કામગીરી કરી છે. આજે તમામ દીકરીઓના અભ્યાસની ચિંતા સરકારે કરી છે, ગુજરાતની દીકરી શિક્ષણ ક્ષેત્રે પાછી ના પડે એ માટે આપણી સરકાર સતત પ્રયત્નશીલ રહી છે.

ઉલેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંગરડા પ્રાથમિક શાળાની આંગણવાડીમાં ૧૧, બાલવાટિકામાં ૫૦, ધોરણ-૧માં ૮ તેમજ ધોરણ-૯ માં પ્રવેશપાત્ર ૧૦૧ બાળકોને મળી કુલ ૧૭૦ ભૂલકાઓનો પ્રવેશ કરાવી હોંશભેર શાળામાં આવકાર્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન શાળાની વિદ્યાર્થીની દ્વારા વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. એ બાદ શાળાના તેજસ્વી તારલાઓનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સાથે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સૌએ ટ્રાફિક નિયમોના પાલન અંગે શપથ લીધા હતા.

કાર્યક્રમના અંતે મુખ્યમંત્રીએ શાળા પરિસરની મુલાકાત લઈને શાળા પટાંગણમાં વૃક્ષારોપણ કરી એસ.એમ.સી.ના સભ્યો સાથે બેઠક યોજી સમિતિના સભ્યોને જરૂરી સૂચના આપવા સહિત માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં દાહોદ જીલ્લા પંચાયતના પ્રમુખ ગમાબેન મોહનિયા, સાંસદ જસવંતસિંહ ભાભોર, ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, જીલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલભાઈ ધરિયા, કલેકટર સુરભી ગૌતમ, જીલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ નગરપાલિકા દ્વારા રામસાગર તળાવના ઘાટના નવીનીકરણની શરૂઆત

**વર્ષો બાદ રામસાગર તળાવને મળશે નવો લુક, નગરજનોમાં ખુશીની લાગણી.**

ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકા દ્વારા શહેરના ઐતિહાસિક અને નગરજનો માટે મહત્વપૂર્ણ એવા રામસાગર તળાવના ઘાટના નવીનીકરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે. વર્ષો બાદ આ કામગીરી હાથ ધરાતા નગરજનોમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

રામસાગર તળાવ ઝાલોદ નગર માટે માત્ર પાણીનું સંગ્રહસ્થાન નથી, પરંતુ નગરજનો માટે શુદ્ધ હવા મેળવવા, સવાર-સાંજ હરવા-ફરવા અને આરોગ્યપ્રદ વાતાવરણ માણવા માટેનું મુખ્ય કેન્દ્ર છે. દરરોજ મોટી સંખ્યામાં લોકો અહીં મોર્નિંગ વોક અને પરિવાર સાથે સમય વિતાવવા માટે આવે છે.



નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા આ નવીનીકરણ કાર્ય અંતર્ગત તળાવના ઘાટોને મજબૂત બનાવવાની સાથે તેની સુંદરતા વધારવા માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. તળાવની આસપાસના વિસ્તારને વધુ સુવિધાસભર અને આકર્ષક બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે, જેથી નગરજનોને વધુ સારી સુવિધાઓ મળી શકે.

સ્થાનિક નાગરિકોના મતે, રામસાગર તળાવ ઝાલોદની ઓળખ સમાન છે. ઘાટના નવીનીકરણ બાદ તળાવની સુંદરતા વધુ નીખરશે અને નગરજનો માટે આ સ્થળ વધુ સુવિધાજનક બનશે.

નગરપાલિકાના આ વિકાસલક્ષી પગલાંને લોકો દ્વારા આવકારવામાં આવી રહ્યા છે. નગરજનો આશા વ્યક્ત કરી રહ્યા છે કે આવનારા સમયમાં પણ આવા વિકાસ કાર્યો થકી ઝાલોદ શહેરને વધુ સુંદર અને સુવિધાસભર બનાવવામાં આવશે.

# પોકસો કેસમાં ૭ મહિનાથી ફરાર આરોપી ઝાલોદ પોલીસના જાળમાં

**ખાનગી બાતમીના આધારે ઘરે જ દરોડો પાડી આરોપીની ધરપકડ.**

ઝાલોદ,

પોકસો તથા ગંભીર ગુનાઓમાં છેલ્લા સાત મહિનાથી નાસતો-ફરતો આરોપી આખરે ઝાલોદ પોલીસના હાથ ચઢ્યો છે. દાહોદ જીલ્લા પોલીસ દ્વારા ફરાર આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા માટે હાથ ધરાયેલી વિશેષ કામગીરી અંતર્ગત આ સફળતા મળી છે.



પંચમહાલ-ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી તથા દાહોદ પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા ના માર્ગદર્શન હેઠળ તેમજ ઝાલોદ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ડી.આર. પટેલ ની સૂચના મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવા ઝાલોદ પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન તા. ૨૩ જૂન ૨૦૨૬ના રોજ ઝાલોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. ગામીત તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. ત્યારે ખાનગી બાતમી મળી હતી કે, ઝાલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોકસો અને અન્ય ગંભીર ગુનાઓમાં ફરાર આરોપી સુરેશભાઈ ચિમનભાઈ ડામોર (ઉ.વ. ૩૮), રહે. ધોળાખાખરા માળી ફળીયું, તા. ઝાલોદ, પોતાના ઘરે ગુપ્ત રીતે આવ્યો છે.બાતમીના આધારે પોલીસ ટીમે તાત્કાલિક તેના નિવાસસ્થાને દરોડો પાડી આરોપીને ઝડપી પાડ્યો હતો. તેની સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની વિવિધ કલમો તથા પોકસો એક્ટની કલમ ૪, ૬ અને ૧૭ હેઠળ ગુનો નોંધાયેલો હતો.

ઝાલોદ પોલીસ માટે આ કાર્યવાહી મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે, કારણ કે આરોપી છેલ્લા સાત મહિનાથી કાયદાની પકડથી દૂર રહ્યો હતો. પોલીસ દ્વારા તેની સામે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# શ્રી સરકારી માધ્યમિક શાળા, પીપલેટ તથા પ્રાથમિક શાળા પીપલેટ ખાતે ભવ્ય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો



દાહોદ,

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત રાજ્યવ્યાપી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬-૨૭ અંતર્ગત સરકારી માધ્યમિક શાળા, પીપલેટ તથા પ્રાથમિક શાળા પીપલેટના સંયુક્ત ઉપક્રમે ભવ્ય અને ઉત્સાહપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય તથા સરસ્વતી વંદના સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પેથાપુર જીલ્લા પંચાયત સભ્ય મંજુલાબેન નિલેશભાઈ હાંડા, લાઈઝન કર્મચારી રાકેશભાઈ પ્રજાપતિ, ગામના સરપંચ, પ્રાથમિક શાળા પીપલેટના આચાર્ય, સરકારી માધ્યમિક શાળા, પીપલેટના આચાર્ય, SMC/SMDC ના સભ્યઓ, ગામ માંથી પધારેલ વાલીઓ તેમજ સમગ્ર શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવવંતો બનાવ્યો હતો.

પ્રવેશોત્સવ અંતર્ગત ધોરણ-૧ તથા ધોરણ-૯માં પ્રથમ વખત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવી અને શૈક્ષણિક કીટ અર્પણ કરીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણના નવા સોપાનમાં પ્રવેશ બદલ શુભેચ્છાઓ પાઠવી તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીત, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ કૃતિઓની સુંદર રજૂઆત કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત સૌએ હર્ષભેર વધાવી લીધી હતી. કાર્યક્રમ દરમિયાન શિક્ષણના મહત્ત્વ, કન્યા કેળવણી, ગુણવત્તાસભર શિક્ષણ તથા શાળામાં વિદ્યાર્થીઓની નિયમિત હાજરી અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહાનુભાવોએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ''દીકરી ભણશે તો બે કુળ તારશે'' આજના યુગમાં શિક્ષણ જ વિકાસનો આધારસ્તંભ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના બાળકો અને કન્યાઓ શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડાય અને પોતાના પરિવાર, સમાજ તેમજ રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપે તે સમયની માંગ છે. વાલીઓને પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલી તેમના સર્વાંગી વિકાસ માટે સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આનંદ, ઉત્સાહ અને શિક્ષણ પ્રત્યેની જાગૃતિનું વાતાવરણ જોવા મળ્યું હતું.

અંતમાં શાળા પરિવાર દ્વારા તમામ મહાનુભાવો, SMC/SMDCના સભ્યઓ, વાલીઓ, ગ્રામજનો તથા ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ હર્ષોલ્લાસ અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો, જેનાથી ગામમાં શિક્ષણ પ્રત્યે વધુ જાગૃતિ અને પ્રેરણાનો સંચાર થયો હતો.

# શ્રી વિશ્વકર્મા મંદિર, દાહોદ ખાતે તૃતીય પાટોત્સવ નિમિતે ભવ્ય ધાર્મિક, આરોગ્યલક્ષી અને સામાજીક કાર્યક્રમો યોજાયા



દાહોદ,

શ્રી વિશ્વકર્મા મંદિર, દાહોદના તૃતીય પાટોત્સવ નિમિતે પંચાલ નવયુવક મંડળ, દાહોદ દ્વારા વિવિધ ધાર્મિક, આરોગ્યલક્ષી અને સામાજીક કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૨/૦૬/૨૦૨૬ ના રોજ પાટોત્સવની પૂર્વ સંધ્યાએ બંટીભાઈ પંચાલ (લીમડીવાળા) દ્વારા ભવ્ય ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ હાજરી આપી ભકિતરસનો આનંદ માણ્યો હતો.

તા. ૨૩/૦૬/૨૦૨૬ ના રોજ તાપસ પેથોલોજી લેબોરેટરીના સહયોગથી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ તેમજ રોહનીશ ડેન્ટલ ક્લિનિકના ડો. કુલદીપ પંચાલના સહયોગથી ડેન્ટલ અવેરનેસ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પોમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ આરોગ્ય તપાસ અને માર્ગદર્શનનો લાભ લીધો હતો.

પાટોત્સવ નિમિતે વિષ્ણુયાગ હવનનું પણ ભકિતભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના આગેવાનો, વડીલો અને જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવ્યો હતો. આ પ્રસંગે વિશ્વકર્મા નિર્માણ ફાઉન્ડેશનના સભ્યો દ્વારા આગામી સમયમાં અમદાવાદ ખાતે યોજાનારા 'મહિલા સંમેલન' અંગે માહિતી અને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે સમગ્ર પાટોત્સવને સફળ બનાવવા માટે તન, મન અને ધનથી સહયોગ આપનાર તમામ દાતાઓ, આગેવાનો, કાર્યકરો તથા જ્ઞાતિબંધુઓનો પંચાલ નવયુવક મંડળ, દાહોદ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# ગરબાડાના ગુલબાર ગામે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉત્સાહભેર યોજાયો

ગરબાડા,

ગરબાડા તાલુકાના ગુલબાર ગામની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' કાર્યક્રમ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગામના ભૂલકાઓને ઉત્સાહભેર શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. જેમાં ભૂલકાઓનું સ્કૂલ કીટ આપી સ્વાગત કરાયું આ પ્રસંગે શાળાના બાળવાટિકા અને ધોરણ-૧ માં નવા દાખલ થતા નાના-નાના બાળકોને શૈક્ષણિક કીટ (સ્કૂલ કીટ) આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નવોદિત વિદ્યાર્થીઓના ચહેરા પર શાળાએ આવવાનો એક અનોખો આનંદ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ મહાનુભાવો અને ગ્રામજનોની પ્રેરક ઉપસ્થિતિ કાર્યક્રમને સફળ બનાવવા માટે અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં વિજયભાઈ અમલીયાર (જીલ્લા પંચાયત ઉપપ્રમુખ) શૈલેષભાઈ મડોડ (તાલુકા પંચાયત સભ્ય) ગુલબાર ગામના સરપંચ તેજ શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા



આ પ્રસંગે બાળકોનો ઉત્સાહ વધારવા માટે ગામના વાલીઓ અને ગ્રામજનો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ કન્યા કેળવણીના મહત્વ પર ભાર મૂકી, ગામનો કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે અપીલ કરી હતી.

કાર્યક્રમના અંતે શાળાના પ્રાંગણમાં મહાનુભાવો, શિક્ષકો અને ગ્રામજનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ બાળકોને પર્યાવરણના જતન અને વૃક્ષો ઉછેરવાના સંકલ્પ લેવડાવી કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.

# દાહોદમાં ૯૦૮ કર્મીઓના ૩.૮૪ કરોડની અલ્ટ્રા મોર્ડન એજન્સી દ્વારા ઉચાપત

દાહોદ,

દાહોદ જિલ્લામાં આરોગ્ય વિભાગના પી.એચ.સી.અને સી.એચ.સી.માં ફરજ બજાવતા આઉટસોર્સિંગ કર્મચારીઓના પરસેવાની કમાણી પર એજન્સીએ મોટી ધાડ મારી હોવાનો સનસનીખેજ મામલો ગરમાયો છે. 'લીવ ઓન કેશ' ના કરોડો રૂપિયા ઓહિંયા કરી જનાર એજન્સી સામે તંત્રની સાંઠગાંઠના આક્ષેપો સાથે આક્રોશિત કર્મચારીઓએ હવે આરપારની લડાઈનુ રણશિંગુ ફુંકયુ છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓ આપતા કુલ ૯૦૮ જેટલા ગરીબ આઉટસોર્સિંગ કર્મચારીઓના 'લીવ ઓન કેશ' ના નાણાં ન ચુકવીને અલ્ટ્રા મોર્ડન એજન્સી દ્વારા નવેમ્બર-૨૦૨૩ થી આશરે રૂ.૩ કરોડ ૮૪ લાખથી વધુની માતબર રકમની નાણાંકિય ઉચાપત કરી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. વારંવારની રજુઆતો છતાં તંત્ર ન જાગતા આખરે કર્મચારીઓ મોટી સંખ્યામાં જિલ્લા પંચાયત ખાતે ઉમટયા હતા. અને હલ્લાબોલ સાથે આવેદન આપ્યુ હતુ. એકજુથ કર્મીઓએ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી ૧૦ દિવસનુ અલ્ટિમેટમ આપ્યુ છે કે, જો ૩૧ મહિનાના બાકી નાણાંની ચુકવણી નહિ થાય તો તેઓ હાઈકોર્ટના દ્વાર ખખડાવશે. જનતા જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંતે ભારતીયે આક્ષેપ કર્યો હતો કે, ન્યાય અપાવવાને બદલે અધિકારીઓ કર્મીઓને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપી રહ્યા છે. આટલી મોટી ઉચાપત છતાં એજન્સી વિરુદ્ધ હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી નથી.

# સીંગવડના પીપળીયા ગ્રામ પંચાયત દ્વારા ગૌચર જમીન પરના દબાણો દુર કરવા સ્વાગત કાર્યક્રમમાં રજુઆત

સીંગવડ,

સીંગવડ તાલુકાની પીપળીયા (૨)ગ્રામ પંચાયતના સરપંચ તથા તલાટી કમ મંત્રીએ રાજય સરકારના સ્વાગત કાર્યક્રમ અંતર્ગત ગૌચર જમીન પરથી દબાણ દુર કરવા અને સીમ માપણી કરાવવા અંગે લેખિત રજુઆત કરી છે.

તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમને અનુલક્ષીને કરાયેલી રજુઆતમાં પીપળીયા ગ્રામ પંચાયતની ખાતા નં.-૨૩૮ ની ગૌચર જમીન પરથી થયેલા ગેરકાયદેસર દબાણો દુર કરીને તેની સત્તાવાર માપણી કરાવવા માંગ કરાઈ હતી. આ ઉપરાંત સર્વે નં.-૧૨૫, ૧૨૮, ૧૩૦, ૧૭૮, ૧૮૪, ૧૯૭, ૨૧૨, ૨૩૩, ૨૩૯ અને ૨૪૩ સહિત અન્ય ગૌચર જમીનો પર જો કોઈ દબાણ થયેલુ હોય તો તેને દુર કરી ત્યારબાદ સંબંધિત જમીનની માપણી કરાવવા રજુઆત કરાઈ છે. અરજીમાં ઉલ્લેખ કરાયો છે કે, સરકારી ગૌચર જમીનનો ગેરરિતીપુર્વક ઉપયોગ કરવામાં આવ્યો હોવાની ફરિયાદો સામે આવી રહી છે. ગામના હિતને ધ્યાનમાં રાખીને યોગ્ય તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ કરાઈ છે. રજુઆત બાદ પીપળીયા ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.259

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા જહુરપુરામાં રહેતા બે આરોપીઓ બોનોફાઈડ સર્ટી અને જન્મના દાખલા બનાવટી બનાવી ખોટી સહી-સિક્કાક રી કાયદાકીય કાર્યવાહીમાં ઉપયોગ કરી ગુન્હો કર્યાની ફરિયાદ

ગોધરા,

ગોધરા જહુરપુરા મદ્રેશાવાળી ગલીમાં રહેતા આરોપી ઈસમોએ જન્મના અને સ્કુલ બોનોફાઈડ સર્ટીફિકેટના દાખલા કોઈપણ રીતે ખોટા અને બનાવટી બનાવ્યા હતા અને તે દાખલમાં નગર પાલિકા અધિકારીના બનાવટી સિક્કા દાખલામાં મારી તેની ઉપર બનાવટી સહીઓ કરી સ્કુલ બોનોફાઈડ અને જન્મના દાખલામાં છેડછાડ કરી જન્મની ખોટી તારીખ લખી તેમની સામે ચાલતી કાયદાકીયમાં ખોટી રીતે લાભ લેવા તેમજ સરકારી યોજનામાં આર્થિક લાભ માટે ઉપયોગ લઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા જહુરપુરા મદ્રેશાવાળી ગલીમાં રહેતા આરોપીઓ મુસ્તાક મુસા પોલા, રેહાન મુસ્તાક પોલા તા.૨૬/૦૧/૨૦૨૬ની પહેલા બન્ને ભેગા મળી જન્મના અને સ્કુલ બોનોફાઈડ સર્ટીફિકેટના દાખલા કોઈ રીતે બનાવટી બનાવ્યા હતા. અને તે દાખલામાં નગર પાલિકાના અધિકારીના બનાવટી સિક્કા મારી તેની ઉપર ખોટી બનાવટી સહીઓ કરી તેમજ સ્કુલ બોનોફાઈડ સર્ટીફિકેટના દાખલામાં તેમજ જન્મના દાખલામાં જન્મ તારીખની છેડછાડ કરી જન્મ તારીખ લખી હતી અને આરોપીઓ સામે ચાલતી કાયદાકીય કાર્યવાહીમાં ખોટી રીતે લાભ લેવા માટે તથા આ દાખલાઓનો ઉપયોગ સરકારની વિવિધ યોજનામાં આર્થિક લાભ મેળવવાના ઈરાદે દાખલા ખોટા હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ કાયદાકીય કાર્યવાહીમાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

# શહેરાના મહેલાણ ગામની ૩ પ્રાથમિક શાળાઓમાં મામલતદારની પ્રેરક ઉપસ્થિતિમાં ‘શાળા પ્રવેશોત્સવ’ યોજાયો



શહેરા,

રાજ્યભરમાં શિક્ષણનો વ્યાપ વધે, ડ્રોપ-આઉટ રેશિયો ઘટે અને બાળકો ઉત્સાહભેર શાળાએ આવતા થાય તેવા ઉમદા હેતુ સાથે સમગ્ર ગુજરાતમાં સરકારી શાળાઓમાં ‘શાળા પ્રવેશોત્સવ’ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના મહેલાણ ગામની ત્રણ પ્રાથમિક શાળાઓ ખાતે એક ભવ્ય, રંગારંગ અને પ્રેરણાદાયી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહેલા શહેરાના કર્મનિષ્ઠ મામલતદાર ધર્મેન્દ્ર પટેલે નવપ્રવેશી બાળકોને પ્રોત્સાહિત કરી શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું.

શહેરા તાલુકાના મહેલાણ ગામની ભક્તા ફળિયા, મોર ડુંગરી અને નવા મહેલાણ પ્રાથમિક શાળામાં સવારથી જ દિવાળી જેવો ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શાળાઓને રંગબેરંગી ફુગ્ગાઓ, આસોપાલવના તોરણો અને આકર્ષક રંગોળીથી શણગારવામાં આવી હતી. મામલતદાર ધર્મેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શાળાના આંગણે પ્રથમ વખત પગ મૂકતા નવપ્રવેશી ભૂલકાંઓનું પરંપરાગત રીતે કુમકુમ તિલક લગાવીને અને અક્ષત છાંટીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ બાળકોનું મોં મીઠું કરાવીને તેમને અત્યંત ઉષ્માભર્યા વાતાવરણમાં શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. પ્રથમ વખત શાળાના પગથિયાં ચઢતા માસૂમ બાળકોના ચહેરા પર આ ભવ્ય સ્વાગત જોઈને અનેરો આનંદ અને આશ્ચર્યનો ભાવ છવાઈ ગયો હતો. આ પ્રવેશોત્સવ દરમિયાન બાલવાટિકા તેમજ ધોરણ-૧ માં પ્રવેશ મેળવનારા તમામ પાત્રતા ધરાવતા ભૂલકાંઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવીન પુસ્તકો, આકર્ષક દફતર અને લેખન સામગ્રી સહિતની કીટ મેળવીને બાળકોના ચહેરા ખીલી ઉઠ્યા હતા.આ તબક્કે વાલીઓ, ગ્રામજનો અને શિક્ષકોને સંબોધતા મામલતદાર ધર્મેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,“બાળકો એ દેશનું સાચું ભવિષ્ય છે અને તેમનો શૈક્ષણિક પાયો મજબૂત બને તે જોવાની જવાબદારી માત્ર શાળાની જ નહીં, પરંતુ આપણા સમગ્ર સમાજની છે.”તેમણે વાલીઓને પણ પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલવા અપીલ કરી હતી અને નવપ્રવેશી બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી ગામ તેમજ તાલુકાનું નામ રોશન કરે તેવી મંગલ કામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમને સર્વાંગી રીતે સફળ બનાવવા માટે મહેલાણ ગામની ત્રણેય પ્રાથમિક શાળાના આચાર્યો, શિક્ષકગણ અને સી.આર.સી. કો-ઓર્ડિનેટર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે ગામના અગ્રણીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ ના સભ્યો, મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પોતાના બાળકોને શાળાના પહેલા જ દિવસે આવું રાજવી સન્માન મળતા વાલીઓએ પણ ભાવુક થઈ તંત્ર અને શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર મહેલાણ ગામમાં આ પ્રવેશોત્સવ એક શૈક્ષણિક ઉત્સવ બની રહ્યો હતો.

# શહેરામાં મોહરમ પર્વને લઈને કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસનું ભવ્ય ફૂટ માર્ચઃ સંવેદનશીલ વિસ્તારો ખૂંદ્યા



શહેરા,

આગામી દિવસોમાં આવી રહેલા મુસ્લિમ બિરાદરોના પવિત્ર મોહરમ પર્વને ધ્યાનમાં રાખીને પંચમહાલ જીલ્લાના શહેરા નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રહે તેમજ શાંતિપૂર્ણ માહોલમાં તહેવારની ઉજવણી થાય તેવા આશય સાથે શહેરા પોલીસ દ્વારા એક ભવ્ય ફૂટ માર્ચ નું આયોજન કરવામાં આવ્યું હતું. નગરમાં કોમી સૌહાર્દ જળવાઈ રહે અને અસામાજીક તત્વોમાં પોલીસનો ડર રહે તે માટે યોજાયેલી આ ફૂટ માર્ચમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો શસ્ત્રો અને સુરક્ષા સરંજામ સાથે જોડાયા હતા, જેને પગલે સમગ્ર નગરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્તનો માહોલ જોવા મળ્યો હતો.શહેરા પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. સીસારાની સીધી દેખરેખ અને સક્ષમ આગેવાની હેઠળ પોલીસ સ્ટેશન પરિસર માંથી આ ફૂટ માર્ચનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ફૂટ માર્ચમાં પોલીસ સ્ટેશનના તમામ ઉચ્ચ અધિકારીઓ, કોન્સ્ટેબલ, હોમગાર્ડ અને જી.આર.ડી. ના જવાનો સહિત મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફનો કાફલો જોડાયો હતો. શિસ્તબદ્ધ રીતે કદમતાલ મિલાવીને નીકળેલા પોલીસ જવાનોના કાફલાએ સ્થાનિકોનું ધ્યાન ખેંચ્યું હતું.પોલીસનો આ વિશાળ કાફલો શહેરા પોલીસ સ્ટેશનથી નીકળીને નગરના વિવિધ વિસ્તારોમાં ફર્યો હતો. જેમાં ખાસ કરીને મોહરમ પર્વની દ્રષ્ટિએ મહત્વના એવા હુસેની ચોક, હોળી ચકલા તેમજ હંમેશા વેપાર-ધંધાથી ધમધમતા મેઈન બજાર વિસ્તારમાં થઈને આ ફૂટ માર્ચ આગળ વધી હતી. નગરના તમામ મુખ્ય અને સંવેદનશીલ ગણાતા વિસ્તારોને ખૂંદીને, કાયદો-વ્યવસ્થાની સમીક્ષા કરી પોલીસનો આ કાફલો શાંતિપૂર્ણ રીતે પરત પોલીસ સ્ટેશને આવી પહોંચ્યો હતો. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી તહેવારો દરમિયાન શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવવાનો છે. ફૂટ માર્ચ દરમિયાન પોલીસ અધિકારીઓએ સ્થાનિક વેપારીઓ અને નાગરિકો સાથે સંવાદ સાધીને ભયમુક્ત વાતાવરણનો અહેસાસ કરાવ્યો હતો. તેમજ કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા અને તહેવારની ભાઈચારા સાથે ઉજવણી કરવા અપીલ કરી હતી. પોલીસની આ સરાહનીય કામગીરીને પગલે નગરજનોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

# કાલોલના રાબોડ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ ઉજવાયો

## કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો.

ગોધરા,

રાબોડ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન, શાળામાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. તેમને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી અને કુમકુમ તિલક કરીને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

શાળા પરિવારે નવા વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, શિક્ષણ એ સમાજના સર્વાંગી વિકાસની ચાવી છે. તેમણે શાળાના વિકાસ અને બાળકોના શૈક્ષણિક હિત માટે સતત સહયોગ આપવાની ખાતરી પણ આપી હતી. આ કાર્યક્રમમાં શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સમગ્ર ઉજવણીને સફળ બનાવી હતી

# ઘોઘંબાના સીમલીયાની પ્રકાશ હાઈસ્કૂલમાં CID ના IGP ના હસ્તે શાળા પ્રવેશોત્સવ યોજાયો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના સીમલીયા ગામે આવેલી શ્રી પ્રકાશ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર CID ક્રાઈમના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (IGP) કે.એન. ડામોર (IPS )ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે લાયઝન અધિકારી તરીકે પંચમહાલ જીલ્લા શિક્ષણ નિરીક્ષક દીપકભાઈ પંચાલ અને સંસ્થાના પ્રમુખ નટવરસિંહ કે. ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને પુસ્તક આપીને સ્વાગત કર્યા બાદ, શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ધોરણ-૯ ના ૫૬૪ અને ધોરણ-૧૧ ના ૩૩૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. તેમજ IGP કે. એન. ડામોરના વરદ હસ્તે નવીન સંસ્કૃત કક્ષનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને NCCમાં જોડાવા અને આગામી ૧૦ વર્ષમાં પોલીસ ભરતીમાં વધુમાં વધુ આગળ આવવા પ્રેરણાત્મક શુભેચ્છા પાઠવી હતી. આ સાથે જ સંકુલની એસ.પી. પટેલ આર્ટસ કોલેજના NCC કેડેટ પરમાર ધ્રુવપાલસિંહની અગ્નિવીરમાં પસંદગી થવા બદલ તેમનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું અને મંડળના પ્રમુખ નટવરસિંહ ચૌહાણે શાળાની વિશેષતાઓ વર્ણવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગોધરા સિવિલ લાઈન્સ રોડ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સ લોડિંગ રિક્ષા સાથે અથડાઈ જાનહાનિ ટળી



ગોધરા,

ગોધરા શહેરના સિવિલ લાઈન્સ રોડ પર રાત્રિના સમયે દર્દીઓને સારવાર માટે લઈ જતી ૧૦૮ એમ્બ્યુલન્સ અકસ્માતનો ભોગ બની હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાકલી ગામના બે ઈજાગ્રસ્ત દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન સિવિલ લાઈન્સ રોડ પર રોડની સાઈડમાં ઉભેલી એક લોડિંગ રિક્ષાને ૧૦૮ એમ્બ્યુલન્સે પાછળથી ટક્કર મારી હતી.

અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રાહત કામગીરીમાં મદદ કરી હતી. તાત્કાલિક અન્ય ૧૦૮ એમ્બ્યુલન્સને સ્થળ પર મોકલવામાં આવી હતી. ત્યારબાદ ઈજાગ્રસ્ત દર્દીઓને બીજી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના કારણે થોડા સમય માટે રોડ પર ટ્રાફિકની સ્થિતિ સર્જાઈ હતી.

# ગોધરા તાલુકાના છારીયા ગામે ગાયવાળા ફળીયામાં આરોપીના ઘરમાં સંતાડી રાખેલ રૂ.૩.૭૩ લાખ દારૂનો જથ્થો ઝડપાયો

ગોધરા,

ગોધરા તાલુકાના છારયા ગામે ગાયવાળા ફળીયામાં રહેતા અરોપીએ પોતાના ઘરમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ રાખેલ છે. તેવી બાતમીના આધરે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રૂ.૩,૭૩,૭૦૯/-નો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી મળી આવ્યો ન હતો.ગોધરા તાલુકાના છારીયા ગામે ગાયવાળા ફળીયામાં રહેતા આરોપી રાજુભાઈ વિનુભાઈ રાઠવાએ પોતાના રહેણાંક ઘરમાં ભારતીય બનાવટનો દારૂ વેચાણ માટે સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે ગોધરા તાલુકા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન વિદેશી દારૂનાક્વાટરીયા, બીયર ટીન મળી કુલ ૧૦૯૭ કિંમત રૂ.૩,૭૩,૪૦૯/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ કાર્યવાહી દરમિયાન આરોપી મળી આવ્યો ન હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# શહેરાના નરસાણા ગામે ઘરમાં રાખેલ રૂ.૧,૫૧૨/-નો દારૂનો જથ્થો ઝડપ્યો

શહેરા,

શહેરા તાલુકાના નરસાણા પટેલ ફળીયામાં રહેતા આરોપીએ પોતાના ઘરમાં ભારતીય બનાવટનો દારૂ રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી રૂ.૧,૫૧૨/-નો જથ્થો ઝડપી પાડયો હતો.

શહેરા તાલુકાના નરસાણા ગામે પટેલ ફળીયામાં રહેતા શૈલેષભાઈ વિમનભાઈ પરમારએ પોતાના રહેણાંક ઘરમાં વિદેશી દારૂની બોટલ રાખેલ છે. તેવી બાતમીના આધારે શહેરા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પ્લાસ્ટીક ક્વાટરીટ્યા નંગ-૯ કિંમત રૂ.૧,૫૧૨/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવયો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી

## વેજલપુર નાયક ફળિયા શાળામાં જીલ્લા પંચાયત પ્રમુખ નીરજ પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો.



ગોધરા,

પંચમહાલ જીલ્લાના વેજલપુર ખાતે આવેલી નાયક ફળિયા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ નીરજ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક, ફૂલહાર અને શૈક્ષણિક કીટ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું અને દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડી હતી.કાર્યક્રમ દરમિયાન બાળકી શિક્ષણને પ્રોત્સાહન આપવા તેમજ શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. ઉપસ્થિત આગેવાનો, શિક્ષકો અને વાલીઓએ વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ દ્વારા શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવાનો તથા દરેક બાળકને શાળાના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, શિક્ષકગણ, વાલીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરાના પઢીયાર ગામમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ખોટો રિપોર્ટ કરનાર અધિકારી સામે તકેદારી આયોગમાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના પઢીયાર ગામમાં છેલ્લા ૧૫ વર્ષથી સફાઈના અભાવે ફેલાયેલી ભયંકર ગંદકી મામલે સ્થાનિક અધિકારીઓએ જ સ્વચ્છ ભારત અભિયાનના સરેઆમ ધજાગરા ઉડાડ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગામમાં વાસ્તવિક સફાઈ કરાવ્યા વિના જ કાગળ પર બધુ સ્વચ્છ હોવાનો ખોટો રિપોર્ટ રજુ કરીને સરકારને ગરમાર્ગે દોરવા બદલ ગોધરાના મદદનીશ તાલુકા વિકાસ અધિકારી સામે રાજ્યના તકેદારી આયોગ ગાંધીનગરમાં કડક કાર્યવાહીની માંગ સાથે લેખિત ફરિયાદ દાખલ કરાઈ છે.

પઢીયાર ગામના રહિશ કાનાભાઈ પરમારે આયોગ સમક્ષ કરેલી રજુઆતમાં આક્ષેપ કર્યો છે કે, ગામલોકો ૧૫ વર્ષથી નિયમિત વેરો ભરે છે. છતાં પંચાયત પરીસર કે જાહેરમાર્ગો પર સફાઈ થતી નથી. તાજેતરમાં તા.૫ થી ૨૧ જુન દરમિયાન ચાલી રહેલા મિશન મોડ પ્રોજેકટમાં પણ કોઈ જ કામગીરી થઈ ન હતી. આ ગંભીર સમસ્યા અંગે અરજદારે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં જીઓ-ગેટ અને જીપીએસ લોકેશન દર્શાવતા ડિઝિટલ ફોટોગ્રાફસ અને સ્થાનિક અખબારોના અહેવાલો સાથે ઓનલાઈન રજુઆત કરી હતી. છતાં પોતાની નિષ્ક્રિયતા છુપાવવા આ જવાબદાર અધિકારીઓએ સ્થળ પર સફાઈ કરાવ્યા વિના જ અત્યંત ગેરજવાબદારી પુર્વક અરજદારના જીઓ-ગેટ વાળા લાઈવ પુરાવાઓને અગાઉના જુના ફોટોગ્રાફસ ગણાવી દીધા હતા. અધિકારીઓએ અરજદારે ખોટી રજુઆત કરી હોવાનો પાયાવિહોણો રિપોર્ટ ઉપલી કચેરીએ મોકલી આપ્યો હતો કે, ગામમાં નિયમિત સફાઈ થાય છે. અરજદાર તા.૨૨ જુનના રોજ સ્વાગત કાર્યક્રમમાં મામલતદારને રૂબરૂ એ જ દિવસના ગંદકીના જીવંત ફોટા બતાવ્યા હતા. અને તેમને સફાઈ કરવા સુચના પણ આપી હતી. છતાં ફરિયાદનો નિકાલ કરી દેવાયો. જેથી આ બેજવાબદાર અધિકારીઓ સામે કડક ખાતાકિય તપાસ કરવા માંગ ગાંધીનગર તકેદારી આયોગ સમક્ષ કરાઈ છે.

# ગોધરાના આમલી ફળિયા વ્હોરવાર્ડ વિસ્તારમાં રહેતા વૃદ્ધાના કિંમતી પ્લોટો પચાવી પાડવાના કાવતરામાં ૬ ઈસમો વિરુદ્ધ ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરના આમલી ફળિયા, વ્હોરવાર્ડ વિસ્તારમાં રહેતા ૮૬ વર્ષિય વૃદ્ધા સુગરાબાંઈ તાહેરઅલી વાંકડીયાવાલાએ પોતાના કિંમતી પ્લોટો પચાવી પાડવા અને બોગસ દસ્તાવેજો બનાવી છેતરપિંડી કરવા અંગે ગોધરા બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ૬ શખ્સો વિરુદ્ધ લેખિત ફરિયાદ અરજી આપી છે.

ફરિયાદની વિગતો અનુસાર સુગરાબાઈએ વર્ષ-૧૯૯૭માં ગોધરા તાલુકાના વાવડી બુઝર્ગ ગામના રેવન્યુ સર્વે નં.-૨૩/૧ વત્તા ૨૪/૧ વાળી જમીન પર આવેલા પ્લોટો ઈબ્રાહિમ મુગલ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ્યા હતા. ત્યારબાદ વર્ષ-૨૦૦૭માં તેમણે ૧૩ પ્લોટો ખરીદ્યા હતા. જેમાંથી ૭ પ્લોટો તેમણે અગાઉ વેચી દીધા હતા. અને બાકીના પ્લોટ નં.-૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૨, અને ૧૭૩ તેમની માલિકી અને કબ્જા હેઠળના હતા. શ્રીચંદ લેખરાજ ભયાણી, ગિરીશ શંકરલાલ આલવાણી અને પ્રવિણભાઈ શંકરભાઈ પરમારે એક સંપ થઈને કોઈ ટોલડરાજ લેખરાજમલ કમનાણી નામના વ્યક્તિના નામે ખોટું અને બનાવટી પાવર ઓફ એટર્ની ઉભું કર્યુ હતુ. આ બોગસ દસ્તાવેજના આધારે આ આરોપીઓએ સુગરાબાઈના પ્લોટો અન્ય લોકોને વેચી માર્યા હતા. આ બાબતની જાણ થતાં સુગરાબાઈએ અગાઉ સિવિલ કોર્ટમાં દીવાની દાવા દાખલ કર્યા

## આરોપીઓએ ખોટુ બનાવટી પાવર ઓફ એટર્ની ઉભુ કર્યુ

હતા. કોર્ટની કાર્યવાહી દરમિયાન આરોપીઓએ ભુલ સ્વિકારીને કરાર દાદ કરી આપી હતી કે, આ પ્લોટોમાં તેમનો કોઈ હક્ક-હિસ્સો નથી. અને તેઓ દસ્તાવેજો રદ્દ કરવા તૈયાર છે. આ સમાધાનના આધારે રેવન્યુ રેકર્ડમાં સુગરાબાઈનુ નામ પણ ચાલુ થઈ ગયુ હતુ. પરંતુ આ કરાર દાદ અને કોર્ટના હુકમની જાણ બહાર પ્લોટ નં.-૧૬૮ અને ૧૬૯ નો દસ્તાવેજ આરોપી ઠક્કર વિજયકુમાર જગદીશચંદ્રને કરી આપ્યો હતો. આ ગુનાહિત કારસામાં સુરજપાલ વિક્રમસિંહ રાઉલજીએ ઓળખાણ આપનાર સાક્ષી તરીકે સહી કરી હતી. તેમજ કમલ સિવાભાઈ જાદવે પણ સહી કરી હતી. તેમજ સિટી સર્વે રેકર્ડમાં ખોટી રીતે નામો દાખલ કરાવીને મિલ્કત પચાવી પાડવાનો પ્રયાસ કરાયો હતો. વૃદ્ધાએ પોતાની મિલ્કત પચાવી પાડવા માટે એકબીજાના મેળાપીપણામાં દગો, કપડ, ફ્રોડ અને વિશ્વાસઘાત કરનાર તમામ ૬ આરોપીઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવા ગોધરા બી-ડીવીઝન પોલીસ સમક્ષ માંગ કરી છે. પોલીસે આ મામલે પુરાવાઓ અને દસ્તાવેજોના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગોધરા શહેરની કિસાન સોસાયટીમાં પાણીની મુખ્ય લાઈનમાં લીકેજ થતાં પાણીનો વેડફાટ

ગોધરા,

ગોધરા શહેરના હાર્દ સમા વિસ્તાર એવા કિસાન સોસાયટીમાં પાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. છેલ્લા એક અઠવાડિયાથી સોસાયટીમાં પીવાના પાણીની મુખ્ય સપ્લાય લાઈન એક સાથે બે મહત્વના સ્થળોએ ફાટી જવાના કારણે હજારો લીટર કિંમતી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ગોધરા-વડોદરા હાઈવે સેશન્સ કોર્ટની સામે કિસાન સોસાયટીમાં પાલિકાની પાણીની પાઈપલાઈનમાં ભંગાણને કારણે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. આખા રસ્તા પર પાણીના ખાબોચિયા ભરાઈ ગયા છે.જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે ત્યાંથી પસાર થવુ મુશ્કેલ બન્યુ છે. ગંદકી અને મચ્છીરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. રહેવાસીઓએ જણાવ્યુ કે, તેઓએ પાલિકા કચેરીમાં આ અંગે બે વખત લેખિત રજુઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારનુ સમારકામ હાથ ધરવામાં આવ્યુ નથી. એક તરફ ઉનાળામાં લોકો પાણી માટે તરસતા હોય છે. ત્યારે અહિં ગટરના પાણી સાથે મિક્સ થઈ રહેલુ પીવાનુ પાણી વેડફાઈ રહુ છે. પાલિકાની આ આળસુ અને નિષ્ક્રિય કાર્યપદ્ધતિને લઈને સોસાયટીના રહિશોમાં ભારે રોષ અને ઉગ્ર વિરોધની લાગણી વ્યાપી છે.